તેજગઢનાં ગીતો

ભાષા સંશોધન-પ્રકાશન કેન્દ્ર
લોક સાહિત્ય શ્રેણી-૧

તેજગઢનાં ગીતો

સંકલન
મનીષા વરીયા
નગીન રાઠવા

તેજગઢનાં ગીતો
ભાષા સંશોધન-પ્રકાશન કેન્દ્ર
ગુજરાતી-1

Tejgadh Na Gito (Songs from Tejgadh)
in Gujarati and Rathwa-Bhil dialect
Compiled by Manisha Varia and Nagin Rathwa
Copyright : Bhasha Research & Publication Centre, Vadodara

પ્રથમ આવૃત્તિ : 1997
પ્રથમ મૂદ્રણ : 1997
બીજુ મુદ્રણ : 2007

પ્રકાશકઃ
ભાષા સંશોધન-પ્રકાશન કેન્દ્ર
62, શ્રીનાથધામ ડુપ્લેક્ષ
દિનેશ મીલની પાછળ
વડોદરા 390007

ટેલિફોન : 0265 - 2331968
ફેક્સ : 0265 - 2359059
ઈમેલ : brpc_baroda@sify.com
વેબસાઈટ : bhasharesearch.org.in
adivasiacademy.org.in

મુદ્રણઃ
શિવમ ઑફસેટ, વડોદરા

અર્પણ

તેજગઢ ગામવાસીઓને

મનોગત

વર્ષોથી વડોદરાની સયાજીરાવ યુનીવર્સિટીમાં અંગ્રેજી સાહિત્યનું અધ્યાપન કરતો હતો. વિશ્વભરના ઘણા બધા સારા દેશોમાં ભણવાની અને ભણાવવાની તક મળી. પણ મનમાં સંતોષ ન હતો. આપણા દેશની લોક સંસ્કૃતિ અને બોલીઓ ભૂંસાતી જાય છે, તેની ચિંતા રહેતી હતી. છેવટે, યુનીવર્સિટી થી સેવામુક્તિ લેવાનો નિર્ણય કર્યો.

તેજગઢમાં આવી પહોંચ્યો ત્યારે લાગ્યું કે ભારતની લોક સંસ્કૃતિ અને લોકભાષા જાળવી રાખવા માટે સંસ્થાનું નિર્માણ કરવું હોય તો આવીજ જગ્યા જોઈએ. આ ગામમાં અને આજુબાજુના વિસ્તારમાં દિલદાર પ્રજા વસે છે. પ્રકૃતિએ કુદરતી સૌંદર્યનું વરદાન આ વિસ્તારને આપ્યું છે. ભાષા કેન્દ્રને તેજગઢમાં લાવવા માટે ગ્રામપંચાયત અને ગામવાસીઓનો સારો સહકાર મળ્યો છે. આવતા બે-ત્રણ વર્ષના સમયગાળામાં આ કેન્દ્રનું કાર્ય આગળ વધશે એવી આશા છે.

તેજગઢના ગીતો પુસ્તક પ્રસિધ્ધ કરતાં આનંદ ની લાગણી અનુભવું છું. આ પુસ્તક જોઈને અને વાંચીને બીજા ગામોના ભણેલા ભાઈ-બહેનોને તેઓની પોતાની લોકસંસ્કૃતિ અને લોકવારસો જાળવી રાખવાની પ્રેરણા મળશે એવી આશા છે.

બદલાતા સમય મુજબ આપણે પણ બદલાવું જ પડશે, એ નિશ્ચિત છે. જે પહેલાનું છે તેનું નવામાં રૂપાંતર તો થવાનું જ છે. પરંતુ એ પરંપરાનું બધુંજ ત્યાજ્ય નથી હોતું. કેટલીક સારી વસ્તુઓ હોય છે જે ટકાવી રાખવાની જરૂર હોય છે. તે દિશામાં ભાષા કેન્દ્રનો અભિગમ છે.

જે સુંદર છે, જે સત્ય છે, જે સહજ છે તે ટકાવીરાખવું એ જ ભાષાકેન્દ્રનો પ્રયત્ન છે.

ડૉ.ગણેશ દેવી

અનુક્રમણિકા

ઓકા અંબોડાની ઉઢેણી રે મોટોનો બેની	૧
વાડે વાડે કારેલીને ઝોંપે ઝોલો લાગ્યા	૧
દારૂડિયાનું પીઠું દલાલુ મારે ઘેર સ	૧
ઘર પછવાડે લીંબડી ઝમડ ઝોલા ખાય	૨
દૂધીનું બીયુ રે મારા વીરો ભાડે લાયો સે	૨
ખાભેળે સળો બેની પિયેરે નારો ગોમનો	૩
વડુલાની ડારી તોડવી પડશે વલયારો બેની	૩
એવો રૂડો બાપુનો લાડ મુકીને નય જવ	૪
ચંપા ચમેલી ગુલાબનું ફૂલ છે ગુલાબનો	૪
ચુડીલા પેયરા રે બેનડ ક્યાં જવું છે	૫
સોનાની વીંટી ઉપર મનરે બેની બા ચોંદીની	૬
મારી પગની અંગુઠી મારી રંગભયરી પઠી	૬
કેરના કેતેલા બેન બાપુ જોડે ફરીશ સાજન	૭
આગળ ડુંગળીનું ઝાડ છે પાછળ બાવળિયાનું	૭
બસો બાવીસ બેનના બંગલા રે	૮
કુવાની ડોકોટર બેની કેવળલો રોચાયો	૯
સોપારી લાલ ઓક્લળી સોપારી લાલ ઓક્લળી	૧૦
લાલ પીળી લાયટ રાખો એ નવસાન મારે	૧૦
સમજો કે સમજાવું નવસા મારો બેનને	૧૧
નદી કિનારે વીરા પતંગો ઉડાડે	૧૧
બુમણ એક્લો આયવો તારી બુમણીને કેમ ના લાયવો	૧૨
ઊંચા માડવા રોચાવો નીચા ઝરૂખા મુકાવો	૧૨

સરોવરની પારે નેહારો છે બેની તમે ભણવા ના જશો ૧૩
હાથમાં ઝાલીયુ ગુલાબનું ફુલ રસ્તામાં જયને ફેંકી દીજો રે ૧૩
બાગો માં રેસો ફૂલડાં કરમાશે ઉનાળો તડકો લાગશે હો બેની ૧૩
બેની ઘરની ઢગલિયો મે રમતેલી ૧૪
આગળ દેખુ તો મારુ મેયર દેખાય ૧૫
લડણી તે બેઠી પેઠી કાગળિયા મોકલે ૧૬
લીલી તુવેર સુકી તુવેર તેનો મારો બાંધ્યો મારો બોની ૧૬
દરિયા ઉતરી પેલી પાર રે એવળે સેટે ૧૭
સેટે સાસેરી બેની કેને ઓરેલી ૧૮
પીળાતે રંગનું કુમતુ મંગાવો ૧૮
રેડિયાનુ બટન બેની આસ્તે બટન પાડજો બેની ૧૯
મેદી વાવીરે મેદી દરિયા ની પારે મેદાન ૨૦
સાસરિયુ સે ચોર બેની તમોને બનાવશે ૨૦
ટેબલ ઉપર બેસ બેની પચાસ પોનો ચાવજો ૨૧
લાલ ટીકીટ પચ્ચીસ પૈસે મલે બરોડા ૨૧
બેની અડુલે દડુલે રમતેલા ૨૨
બેનીની સાસેરી ઘણી દૂર રે વાટે દિવસ ઉગશે ૨૨
ઉક રડો જગાડશેને પંખીડુ બોલશે મારુ નાનુ ૨૨
ટેબલ ઉપર લીંબુ લીંબાનો રસ લીલો શોખીન ૨૩
પગમાં તોડોને પ્રાયમસ ઘમઘમે રે પ્રાયમસ ૨૪
સાવ રે સોનાનો મારો ગુગરો ગુગરો રણકંતો જાય રે ૨૪
ગુલાબનું ફૂલ બેની પોણીમાં ખીલશે ચિંતા ના ૨૫
આડા અવરી ડુંગરા ની વચમાં છે દરિયો ૨૫
ઓંબા કોયલ બેની ઓંબોમેં માલે ૨૬
ચેરોનો લોંબો ટૂંકો પોન માર વાલા રે ૨૬
વાડીનો ડમરો બેની ડમ્મર રોડે ચાલજો ૨૭
નોંની મોટી ઓંબલીનું પોન હો ભોણેજ આવે સે ૨૮

શેરીએ કોહુમડીનો શોયો રે ગોરો બેની સોયલો નમી જેલો રે	૨૮
રોડે રોડે બાવરીયા રોચાવો ઝમુબેન	૨૯
ઝાઝા જારો મે એકેલુ ઝારુ પયડુ રે પરદેશ	૩૦
બેની તારે ઓયડે નય આવીએ રે નય	૩૦
જોડું જોડું રે નદીની સાગર નદીની કિનારે બંગલા બહુ સારા	૩૦
ભીતે દીવેલ્યું મેલે મારો બેની મેલે	૩૩
ઝીલે ઝીલે ગોરોબેની નાવેલો ક્રોર	૩૪
એલો તેલો ચડસે રે ઘરતી માતાને	૩૫
સેડો ઘાલસે રે લગોટીવારો	૩૬
ગોર વેચમાર ક્યોલા ગાડીયા ઘોરેને ઘેતર્યાં રે	૩૭
બેની તારો ઓટલો નીયપાવનોરે થાયબાબનો	૩૭
સીબોડી માતારે સુતેલો રે જાગો	૩૮
માળી સામો વઘામનો લાવે સે	૩૯
ડુંગર કારો ડુંગર લીલો સમરે બેની	૪૦
ખોબલા કોયલબેની ખોબલામાં બોલે	૪૦
લીમડા નો ઠંડો પવન જાઈ રૂમાલ મારો ગુમતો જાઈ	૪૧
બેનીનો માડયો ઘુઘીયારો ગુલાબ ઝેપલવારો રે	૪૧
જતોને વરતો બેની વરતે સોમે બેસજો	૪૨
બાગુમાં જય શું ફુલડો ક્રમાશે	૪૩
ઉંચા ઉંચા બંગલા બરોડાની બાગમાં ફરતા	૪૩

૧

ઓકા અંબોડાની ઉંઢેણી રે મોટોનો બેની
પિતાના લુગડા કુણ ધોશે રે મોટોનો બેની
પિતા ધોવશે ને પિતા રોશે રે મોટોનો બેની
ઓકા અંબોડાની ઉંઢેણી રે મોટોનો બેની
માતાની રસોઈ કુણ કરશે રે મોટોનો બેની
માતા રોંધશેને માતા રોશે રે મોટોનો બેની

૨

વાડે વાડે કારેલીને ઝોંપે ઝોલો લાગ્યો
સુરેશની બેનીને ઝોંપે ઝોલો લાગ્યો
ઝોંપે ઝોલો લાગ્યોને સ્કુટર વારો જાગ્યો
સ્કુટર વારો રહી ગયો ને મારૂતિ વારો લઈ ગયો

વાડે વાડે કારેલીને ઝોંપે ઝોલો લાગ્યો
મહેશની બેનીને ઝોંપે ઝોલો લાગ્યો
ઝોંપે ઝોલો લાગ્યોને સાયકલ વારો જાગ્યો
સાયકલ વારો રહી ગયોને બસ વારો લઈ ગયો

વાડે વાડે કારેલીને ઝોંપે ઝોલો લાગ્યો
રમેશની બેનીને ઝોંપે ઝોલો લાગ્યો
ઝોંપે ઝોલો લાગ્યોને ચંપલ વારો જાગ્યો
ચંપલ વારો રહી ગયોને બૂટ વારો લઈ ગયો

૩

દારૂડિયાનું પીઠું દલાલુ મારે ઘેર સે
કમલેશની બેની ગલાસ દારૂ પી ગય
મારી ભોજ્ય દલાલુ મારે ઘેર સે

દારૂ ડિયાનું પીઠું દલાલુ મારે ઘેર સે
જ્યેશની બયરી ગલાસ દારૂ પી ગય
મારી ભોજ્ય દલાલુ મારે ઘેર સે

દારૂ ડિયાનું પીઠું દલાલુ મારે ઘેર સે
શેરુની ભાભી ગલાસ દારૂ પી ગય
મારી ભોજ્ય દલાલુ મારે ઘેર સે

૪

ઘર પછવાડે લીંબડી ઝમડ ઝોલા ખાય મારા વાલા
નૌંસા તારી બેની ઝમડ ઝોલા ખાય મારા વાલા
ગલા ભઈને ભારી ઝમડ ઝોલા ખાય મારા વાલા
ઘર પછવાડે લીંબડી ઝમડ ઝોલા ખાય મારા વાલા
નૌંસા તારી ભોજ્ય ઝમડ ઝોલા ખાય મારા વાલા
જગા ભઈને ભારી ઝમડ ઝોલા ખાય મારા વાલા

૫

દૂધીનું બીયુ રે માર વીરો ભાડે લાયો સે
સબીની બેની રે માર વીરો ભાડે લાયો સે
માટી ગુંદવા રે માર વીરો ભાડે લાયો સે

દૂધીનું બીયુ રે માર વીરો ભાડે લાયો સે
પોપટની ભાભી રે માર વીરો ભાડે લાયો સે
વાસીદુ ભરવા રે માર વીરો ભાડે લાયો સે

દુધીનું બીયુ રે માર વીરો ભાડે લાયો સે
કન્યાની કાકી રે માર વીરો ભાડે લાયો સે
વાસણ માંજવા રે માર વીરો ભાડે લાયો સે

૬

ખાખેળે સળો બેની પિયેરે ઉતરો ગોંમનો
સીમાળો બેન તમે વિસાયરો

ખાખેળે સળો બેની પિયેરે ઉતરો ગોંમનો
બેનીને બેન તમો વિસાયરો

ખાખેળે સળો બેની પિયેરે ઉતરો ગોંમનો
નીમોળો બેન તમે વિસાયરો

ખાખેળે સળો બેની પિયેરે ઉતરો ગોંમના
વીરાને બેન તમે વિસાયરો

૭

વડુલાની ડારી તોડવી પડશે વલ્યારો બેની
વડુલાની ડારી તોડવી પડશે વલ્યારો બેની
બાપુનો છેતરો શૂનો પડશે વલ્યારો બેની
બાપુનો છેતરો શૂનો પડશે વલ્યારો બેની
છેતર જશેને બાપુ રુવશે વલ્યારો બેની
છેતર જશેને બાપુ રુવશે વલ્યારો બેની

વડુલાની ડારી તોડવી પડશે વલ્યારો બેની
વડુલાની ડારી તોડવી પડશે વલ્યારો બેની
માતાની રસોયો શૂની પડશે વલ્યારો બેની
માતાની રસોયો શૂની પડશે વલ્યારો બેની
રસોયો મુકશેને માતા રુવશે વલ્યારો બેની
રસોયો મુકશેને માતા રુવશે વલ્યારો બેની

વડુલાની ડારી તોડવી પડશે વલ્યારો બેની
વડુલાની ડારી તોડવી પડશે વલ્યારો બેની

બેનીના કપડાં શૂના પડશે વલ્યારો બેની
બેનીના કપડાં શૂના પડશે વલ્યારો બેની
કપડાં ધોવશે ને બેની રુવશે વલ્યારો બેની
કપડાં ધોવશે ને બેની રુવશે વલ્યારો બેની
વડુલાની.....

૮

એવોરૂડો બાપુનો લાડ મુકીને નય જવ
સાસરે મોરારાજ
એવું કુંવરી ઘેલું શું બોલો જવું પડશે
સાસરે મોરારાજ

એવોરૂડો માતાનો લાડ મુકીને નય જવ
સાસરે મોરારાજ
એવું કુંવરી ઘેલું શું બોલો જવું પડશે
સાસરે મોરારાજ

એવોરૂડો વીરાનો લાડ મુકીને નય જવ
સાસરે મોરારાજ
એવું કુંવરી ઘેલું શું બોલો જવું પડશે
સાસરે મોરારાજ

૯

ચંપા ચમેલી ગુલાબનું ફૂલ છે
ગુલાબનો ગોટો કેવાય
સપનામાં બેનપણી સાંભળે
સપનામાં બેનપણી સાંભળે
નિહારે જવ ત્યારે બેનપણી ની સાથ

ચોપડાતો પડી પડી જાય
સપનામાં બેનપણી સાંભળે
સપનામાં બેનપણી સાંભળે

ચંપા ચમેલી ગુલાબનું ફૂલ છે
ગુલાબનો ગોટો કેવાય
સપનામાં બેનપણી સાંભળે
સપનામાં બેનપણી સાંભળે
બજારે જવ ત્યારે બેનપણી ની સાથ
રૂમાલતો ઉડી ઉડી જાય
સપનામાં બેનપણી સાંભળે
સપનામાં બેનપણી સાંભળે

ચંપા ચમેલી ગુલાબનું ફૂલ છે
ગુલાબનો ગોટો કેવાય
સપનામાં બેનપણી સાંભળે
સપનામાં બેનપણી સાંભળે
પિચ્ચર જોવા જવ ત્યારે વીરાની સાથ
ટિકીટતો ઉડી ઉડી જાય
સપનામાં બેનપણી સાંભળે
સપનામાં બેનપણી સાંભળે

૧૦

ચુડીલા પેયરા રે બેનડ ક્યાં જવું છે
ચુડીલા પેયરા રે બેનડ ક્યાં જવું છે
પિતા છોયડા રે બેનડ સસરા ઓયરા રે બેનડ ક્યાં જવું છે

ચુડીલા પેયરા રે બેનડ ક્યાં જવું છે
ચુડીલા પેયરા રે બેનડ ક્યાં જવું છે

માતા છોયડા રે બેનડ સાસુ ઓયરા રે બેનડ ક્યાં જવું છે

ચુડીલા પેયરા રે બેનડ ક્યાં જવું છે
ચુડીલા પેયરા રે બેનડ ક્યાં જવું છે
વીરા છોયડા રે બેનડ જેઠ ઓયરા રે બેનડ ક્યાં જવું છે

ચુડીલા પેયરા રે બેનડ ક્યાં જવું છે
ચુડીલા પેયરા રે બેનડ ક્યાં જવું છે
ભાભી છોયડા રે બેનડ જેઠાણી ઓયરા રે બેનડ ક્યાં જવું છે

૧૧

સોનાની વીંટી ઉપર મનરે બેની બા
ચોંદીની વેંટી તમોને ન ય ગમે રે
સોનાના લોકીટ ઉપર મનરે બેની બા
ચોંદીના કળુલા તમોને ન ય ગમે રે
સોનાના દોરા ઉપર મનરે બેની બા
ચોંદીના દોરા તમોને ન ય ગમે રે
ભણેલા નવસા ઉપર મનરે બેની બા
અભણ નવસા તમોને ન ય ગમે રે

૧૨

મારી પગની અંગુઠી મારી રંગભયરી પુઠી
મારો હિયેરો હરખે છે મારો હિયેરો હરખે છે
મારા બાપુને દેખુ મારી માતાને દેખુ
મારો હિયેરો હરખે છે મારો હિયેરો હરખે છે

મારી પગની અંગુઠી મારી રંગભયરી પુઠી
મારો હિયેરો હરખે છે મારો હિયેરો હરખે છે
મારા કાકાને દેખુ મારી કાકીને દેખુ

મારો હિયેરો હરખે છે મારો હિયેરો હરખે છે

મારી પગની અંગુઠી મારી રંગભરી પુઠી
મારો હિયેરો હરખે છે મારો હિયેરો હરખે છે
મારા વીરાને દેખુ મારા ભાભીને દેખુ
મારો હિયેરો હરખે છે મારો હિયેરો હરખે છે

૧૩

કેરના કેતેલા બેન બાપુ જોડે ફરીશ
સાજન આવીયુ બેન સાસરે જવાના
સાજન આવીયુ બેન સાસરે જવાના

કેરના કેતેલા બેન માતા જોડે ફરીશ
સાજન આવીયુ બેન સાસરે જવાના
સાજન આવીયુ બેન સાસરે જવાના

કેરના કેતેલા બેન વીરા જોડે ફરીશ
સાજન આવીયુ બેન સાસરે જવાના
સાજન આવીયુ બેન સાસરે જવાના

કેરના કેતેલા બેન બેની જોડે ફરીશ
સાજન આવીયુ બેન સાસરે જવાના
સાજન આવીયુ બેન સાસરે જવાના

૧૪

આગળ ડું ગળીનું ઝાડ છે પાછળ બાવળિયાનું ઝાડ છે
કેમ કરી જશો બેની પેલા રાજમાં
કેમ કરી જશો બેની પેલા રાજમાં

આગળ બાપુની જોડ છે પાછળ માતાની જોડ છે

કેમ છોળી જશો બેની પેલા રાજમાં
કેમ કરી જશો બેની પેલા રાજમાં

આગળ ડુંગળીનું ઝાડ છે પાછળ બાવળિયાનું ઝાડ છે
કેમ કરી જશો બેની પેલા રાજમાં
કેમ કરી જશો બેની પેલા રાજમાં

આગળ વીરાની જોડ છે પાછળ ભાભીની છે
કેમ છોરી જશો બેની પેલા રાજમાં
કેમ કરી જશો બેની પેલા રાજમાં

આગળ ડુંગળીનું ઝાડ છે પાછળ બાવળિયાનું ઝાડ છે
કેમ કરી જશો બેની પેલા રાજમાં
કેમ કરી જશો બેની પેલા રાજમાં

૧૫

બસો બાવીસ બેનના બંગલા રે
બસો બાવીસ બેનના બંગલા રે
બંગલામાં બેસી રુવેરે પિતાનું મારા કુંવરી
ક્યારે આવશે રે

બસો બાવીસ બેનના બંગલા રે
બસો બાવીસ બેનના બંગલા રે
બંગલામાં બેસી રુવેરે માતાનું મારા કુંવરી
ક્યારે આવશે રે

બસો બાવીસ બેનના બંગલા રે
બસો બાવીસ બેનના બંગલા રે
બંગલામાં બેસી રુવેરે વીરાનું મારા બેની
ક્યારે આવશે રે

બસો બાવીસ બેનના બંગલા રે
બસો બાવીસ બેનના બંગલા રે
બંગલામાં બેસી રુવેરે ભાભીનું મારા નન્દો
ક્યારે આવશે રે

૧૬

કુવાની કોટર બેની કે વળલો રોચાયો
કુવાની કોટર બેની કે વળલો રોચાયો
જતોને વરતો બેની વરતે સોયે બેસજો
જતોને વરતો બેની બાપુને વિચારજો

કુવાની કોટર બેની કે વળલો રોચાયો
કુવાની કોટર બેની કે વળલો રોચાયો
જતોને વરતો બેની વરતે સોયે બેસજો
જતોને વરતો બેની વીરાને વિચારજો

કુવાની કોટર બેની કે વળલો રોચાયો
કુવાની કોટર બેની કે વળલો રોચાયો
જતોને વરતો બેની વરતે સોયે બેસજો
જતોને વરતો બેની વીરાને વિચારજો

કુવાની કોટર બેની કે વળલો રોચાયો
કુવાની કોટર બેની કે વળલો રોચાયો
જતોને વરતો બેની વરતે સોયે બેસજો
જતોને વરતો બેની ભાભીને વિચારજો

કુવાની કોટર બેની કે વળલો રોચાયો
કુવાની કોટર બેની કે વળલો રોચાયો
જતોને વરતો બેની વરતે સોયે બેસજો
જતોને વરતો બેની બેનીને વિચારજો

૧૭

સોપારી લાલ ઓકલળી સોપારી લાલ ઓકલળી
સારા લોકેટ લાવસે હમારે ઘેર પેસ્સે તમારે ઘેર
સોપશે સોપારી લાલ ઓકલળી

સોપારી લાલ ઓકલળી સોપારી લાલ ઓકલળી
સારા દોરા લાવસે હમારે ઘેર પેસ્સે તમારે ઘેર
સોપશે સોપારી લાલ ઓકલળી

સોપારી લાલ ઓકલળી સોપારી લાલ ઓકલળી
સારા છડા લાવસે હમારે ઘેર પેસ્સે તમારે ઘેર
સોપશે સોપારી લાલ ઓકલળી

સોપારી લાલ ઓકલળી સોપારી લાલ ઓકલળી
સારા ચૂડી લાવસે હમારે ઘેર પેસ્સે તમારે ઘેર
સોપશે સોપારી લાલ ઓકલળી

૧૮

લાલ પીળી લાયટ રાખો એ નવસાન મારે જોવો સે
લૂલો સે કે લંગડો સે એ નવસાન મારે જોવો સે

લાલ પીળી લાયટ રાખો એ નવસાન મારે જોવો સે
કાળો સે કે ગોરો સે એ નવસાન મારે જોવો સે

લાલ પીળી લાયટ રાખો એ નવસાન મારે જોવો સે
આંધળો સે કે કાંણિયો સે એ નવસાન મારે જોવો સે

લાલ પીળી લાયટ રાખો એ નવસાન મારે જોવો સે
બેરો સે કે બોબડો સે એ નવસાન મારે જોવો સે

૧૯

સમજો કે સમજાવું નવસા મારાં બેનને
દુઃખડો ના દેજો
તારી બેનને પાણીલા ભરાવજો મારાં બેનને
દુઃખડો ના દેજો

સમજો કે સમજાવું નવસા મારાં બેનને
દુઃખડો ના દેજો
તારી માને રસોયોમે મુકજો મારાં બેનને
દુઃખડો ના દેજો

સમજો કે સમજાવું નવસા મારાં બેનને
દુઃખડો ના દેજો
તારી ભાભીને વાસીદો ભરાવજે મારાં બેનને
દુઃખડો ના દેજો

સમજો કે સમજાવું નવસા મારાં બેનને
દુઃખડો ના દેજો

૨૦

નદી કિનારે વીરા પતંગો ઉડાડે
નદી કિનારે વીરા પતંગો ઉડાડે
આપવા પવનના ઝોલા દોરો સોભર
મારા વીરા પતંગો ઉડાડે

કોતેળાની છેળે છોળી ખાસડી ઉડાડે
કોતેળાની છેળે છોળી ખાસડી ઉડાડે
આપવા ભૂતીયાના ઝોલા ફેલિયો સાંભર
હેલી છોળી ખાસડા ઉડાડે

૨૧

બુમણ એકલો આયવો તારી બુમણીને કેમ ના લાયવો
આવે સે ભાય આવે સે સંખેડામાં આવે સે

બુમણ એકલો આયવો તારી બુમણીને કેમ ના લાયવો
આવે સે બેન આવે સે બજેરોમેં આવે સે

બુમણ એકલો આયવો તારી બુમણીને કેમ ના લાયવો
આવે સે બેન આવે સે ખેતરોમેં ગધ્ધો ચારે સે

૨૨

ઊંચા માડવા રોચાવો નીચા ઝરૂખા મુકાવો
દલપત નજરાના રાજ
એમના મામા તેડાવો એમની મામીઓ તેડાવો
દલપત નજરાના રાજ

ઊંચા માડવા રોચાવો નીચા ઝરૂખા મુકાવો
દલપત નજરાના રાજ
એમના માહા તેડાવો એમની માસીઓ તેડાવો
દલપત નજરાના રાજ

ઊંચા માડવા રોચાવો નીચા ઝરૂખા મુકાવો
દલપત નજરાના રાજ
એમના કાકા તેડાવો એમની કાકીઓ તેડાવો
દલપત નજરાના રાજ

ઊંચા માડવા રોચાવો નીચા ઝરૂખા મુકાવો
દલપત નજરાના રાજ
એમની બેનો તેડાવો એમના બનેવીઓ તેડાવો
દલપત નજરાના રાજ

૨૩

સરોવરની પારે નેહારો છે બેની તમે ભણવા ના જશો
ઘેર રેસે બાપુ એકેલા છે બેની તમે ભણવા ના જશો

સરોવરની પારે નેહારો છે બેની તમે ભણવા ના જશો
ઘેર રેસે માતા એકેલા છે બેની તમે ભણવા ના જશો

સરોવરની પારે નેહારો છે બેની તમે ભણવા ના જશો
ઘેર રેસે વીરા એકેલા છે બેની તમે ભણવા ના જશો

સરોવરની પારે નેહારો છે બેની તમે ભણવા ના જશો
ઘેર રેસે બેની એકેલા છે બેની તમે ભણવા ના જશો

સરોવરની પારે નેહારો છે બેની તમે ભણવા ના જશો
ઘેર રેસે ભાભી એકેલા છે બેની તમે ભણવા ના જશો

૨૪

હાથમાં ઝાલીયુ ગુલાબનું ફુલ
રસ્તામાં જયને ફેંકી દીજો રે
ગળામાં પેયરો ગુલાબનો હાર
સાસરે જયને ભુલી દીજો રે
સાસરે અશે સાસુ સસરા
સાસરે જયને ભુલી જજો રે
સાસરે અશે જઠ-જઠોલી
સાસરે જયને ભુલી જજો રે

૨૫

બાગો માં રેસો ફૂલડાં કરમાશે ઉનાળો
તડકો લાગશે હો બેની

સાથે લેજો કિયા બેનને લેજો રૂમાલનો
સાયડો કરશે હો બેની
સાથે લેજો કાજલ બેનને લેજો રૂમાલનો
સાયડો કરશે હો બેની

બાગો માં રેસો ફૂલડાં કરમાશે ઉનાળો
તડકો લાગશે હો બેની
સાથે લેજો કિયા વીરાને લેજો રૂમાલનો
સાયડો કરશે હો બેની
સાથે લેજો કનુ વીરાને લેજો રૂમાલનો
સાયડો કરશે હો બેની

બાગો માં રેસો ફૂલડાં કરમાશે ઉનાળો
તડકો લાગશે હો બેની
સાથે લેજો કિયા ભોજ્યને લેજો સાળીઓનો
સાયડો કરશે હો બેની
સાથે લેજો બડલી ભોજ્યને લેજો સાળીઓનો
સાયડો કરશે હો બેની

૨૬

બેની ઘરની ઢગલિયો મે રમતેલા
બેની ઘરની ઢગલિયો મે રમતેલા
બેની બાપુને લાડે લડાવતેલા
બેની સસરાને તે શબ્દે રડાવશે રે
બેની સસરાના લાડ નથી જાણે રે

બેની ઘરની ઢગલિયો મે રમતેલા
બેની ઘરની ઢગલિયો મે રમતેલા
બેની માતાને લાડે લડાવતેલા

બેની સસુને તે શબ્દે રડાવશે રે
બેની સસુના લાડ નથી જાણે રે

બેની ઘરની ઢગલિયો મે રમતેલા
બેની ઘરની ઢગલિયો મે રમતેલા
બેની વીરાને લાડે લડાવતેલા
બેની જેઠ તે શબ્દે રડાવશે રે
બેની જેઠના લાડ નથી જાણે રે

બેની ઘરની ઢગલિયો મે રમતેલા
બેની ઘરની ઢગલિયો મે રમતેલા

૨૭

આગળ દેખુ તે મારુ મૈયર દેખાય, પાછળ
દેખુ તો મારુ સાસર દેખાય, એવુ સાસર
મને લાખો મળે મારુ મૈયર મને ક્યારે મળે

આગળ દેખુ તો મારા બાપુ દેખાય, પાછળ
દેખુ તો મારા સાસરા દેખાય, એવા સસરા
મને લાખો મળે મારા બાપુ મને ક્યારે મળે

આગળ દેખુ તો મારુ મૈયર દેખાય, પાછળ
દેખુ તો મારુ સાસર દેખાય, એવુ સાસર
મને લાખો મળે મારુ મૈયર મને ક્યારે મળે

આગળ દેખુ તો માતા દેખાય, પાછળ
દેખુ તો સાસુ દેખાય,એવા સાસુ મને લાખો મળે
મારા માતા મને ક્યારે મળે

આગળ દેખુ તો મારુ મૈયર દેખાય, પાછળ
દેખુ તો મારુ સાસર દેખાય, એવુ
સાસર મને લાખો મળે મારુ મૈયર મને ક્યારે મળે

આગળ દેખુ તો વીરા દેખાય, પાછળ
દેખુ તો જેઠ દેખાય, એવા જેઠ મને લાખો મળે
મારા વીરા મને ક્યારે મળે

આગળ દેખુ તો મારુ મૈયર દેખાય, પાછળ દેખુ તો
મારુ સાસર દેખાય, એવુ સાસર મને
લાખો મળે મારુ મૈયર મને ન્યારે મળે

૨૮

લડણી તે બેઠી બેઠી કાગળિયા મોકલે
રાઈવર વેલો આવે
બેસો તે ઉપડી જેલી સેમા બેહી આવે

લડણી તે બેઠી બેઠી કાગળિયા મોકલે
રાઈવર વેલો આવે
કાગળિયા તે ઉડી જેલા શેને વાંચી આવે

લડણી તે બેઠી બેઠી કાગળિયા મોકલે
રાઈવર વેલો આવે
પેનો તે પડી પડી જેલી શોને લખી આવે

લડણી તે બેઠી બેઠી કાગળિયા મોકલે
રાઈવર વેલો આવે
લખેલું તે ભૂસાઈ ભૂસાઈ જાય શું
વાંચી વેલો આવે

૨૯

લીલી તુવેર સુકી તુવેર
તેનો ભારો બાંધ્યો મારોં બેની

અય માતા તય સાસુ
માતા ભુલી જીયારે મારોં બેની

લીલી તુવેર સુકી તુવેર
તેનો ભારો બાંધ્યો મારોં બેની
અય વીરા તય જેઠુ
વીરા ભુલી જીયારે મારોં બેની

લીલ તુવેર સુકી તુવેર
તેનો ભારો બાંધ્યો મારોં બેની
અય ભાભી તય દિયેર
ભાભી ભુલી જીયારે મારોં બેની

લીલી તુવેર સુકી તુવેર
તેનો ભારો બાંધ્યો મારોં બેની
અય બેની તય નન્દો
બેની ભુલી જીયારે મારોં બેની

લીલી તુવેર સુકી તુવેર
તેનો ભારો બાંધ્યો મારોં બેની

૩૦

દરિયા ઉતરી પેલી પાર રે એવળે સેટે
બેની તારી સાસેરી
નય આવે માતા નય આવે બાપુ એવળે સેટે
બેની તારી સાસેરી

દરિયા ઉતરી પેલી પાર રે એવળે સેટે
બેની તારી સાસેરી
નય આવે વીરા નય આવે ભાભી એવળે સેટે
બેની તારી સાસેરી

દરિયા ઉતરી પેલી પાર રે એવળે સેટે
બેની તારી સાસેરી
નથ આવે કાકા નથ આવે કાકીઓ એવળે સેટે
બેની તારી સાસેરી

દરિયા ઉતરી પેલી પાર રે એવળે સેટે
બેની તારી સાસેરી
નથ આવે બેન નથ આવે બનેવી એવળે સેટે
બેની તારી સાસેરી

૩૧

સેટે સાસેરી બેની કે ને ખોરેલી
મે નથી ખોયરી મારા બાપુએ ખોરેલી
સેટે સાસેરી બેની કે ને ખોરેલી
મે નથી ખોયરી મારી માતાએ ખોરેલી
સેટે સાસરી બેની કે ને ખોરેલી
મે નથી ખોયરી મારા વીરાએ ખોરેલી
સેટે સાસેરી બેની કે ને ખોરેલી
મે નથી ખોયરી મારી ભાભીએ ખોરેલી
સેટે સાસેરી બેની કે ને ખોરેલી
મે નથી ખોયરી મારી બેનીએ ઓરેલી
સેંટે સાસેરી બેની કે ને ખોરેલી

૩૨

પીળા તે રંગનું કુમતુ મંગાવો
કુમતુ મુકીને બેની પીળા દેખાવો
કાળા તે રંગનું કુમતુ મંગાવો
કુમતુ મુકીને બેની કાળા દેખાવો

પીળા તે રંગનું કુમતુ મંગાવો
કુમતુ મુકીને બેની પીળા દેખાવો
રાતા તે રંગનું કુમતુ મંગાવો
કુમતુ મુકીને બેની રાતા દેખાવો

પીળા તે રંગનું કુમતુ મંગાવો
કુમતુ મુકીને બેની પીળા દેખાવો

૩૩

રેડિયાનુ બટન બેની આસ્તે બટન પાડજો બેની
આસ્તે બટન પાડજો
પિતાને બોલજો બેની ધીમે રહીને બોલજો બેની
ધીમે રહીને બોલજો
સસરાને બોલજો બેની કડક થઈને બોલજો બેની
કડક થઈને બોલજો

રેડિયાનુ બટન બેની આસ્તે બટન પાડજો બેની
આસ્તે બટન પાડજો
માતાને બોલજો બેની ધીમે રહીને બોલજો બેની
ધીમે રહીને બોલજો
સાસુને બોલજો બેની કડક થઈને બોલજો બેની
કડક થઈને બોલજો

રેડિયાનુ બટન બેની આસ્તે બટન પાડજો બેની
આસ્તે બટન પાડજો
વીરાને બોલજો બેની ધીમે રહીને બોલજો બેની
ધીમે રહીને બોલજો
જેઠને બોલજો બેની કડક થઈને બોલજો બેની
કડક થઈને બોલજો

રેડિયાનુ બટન બેની આસ્તે બટન પાડજો બેની
આસ્તે બટન પાડજો

૩૪

મેદી વાવીરે મેદી દરિયા ની પારે મેદાન બેની રમતેલા
જોડુ જોડુ રે હમાર ક્યા બેનનું જોડુ જોડો મેં જોડુ ફરતેલા
જોડુ જોડુ રે હમાર કાજલ બેનનું જોડુ જોડો મેં જોડુ ફરતેલા

મેદી વાવીરે મેદી દરિયા ની પારે મેદાન બેની રમતેલા
જોડુ જોડુ રે હમાર કિયા વીરાનું જોડુ જોડો મેં જોડુ ફરતેલા
જોડુ જોડુ રે હમાર કનુ વીરાનું જોડુ જોડો મેં જોડુ ફરતેલા

૩૫

સાસરિયુ સે ચોર બેની તમોને બનાવશે
ચોર, બેની તમોને બનાવશે ચોર
તમારી સાસુ લોકિટ ચોરસે તમોને બનાવશે
ચોર, બેની તમોને બનાવશે ચોર
સાસરિયુ સે ચોર બેની તમોને બનાવશે
ચોર, બેની તમોને બનાવશે ચોર
તમારા દિયોર વેંટી ચોરસે તમોને
બનાવશે ચોર, બેની તમોને બનાવશે ચોર
સાસરિયુ સે ચોર બેની તમોને બનાવશે
ચોર, બેની તમોને બનાવશે ચોર
તમારી નન્દો ઘડિયાળ ચોરસે તમોને
બનાવશે ચોર, બેની તમોને બનાવશે ચોર
સાસરિયુ સે ચોર બેની તમોને બનાવશે
ચોર, બેની તમોને બનાવશે ચોર

૩૬

ટેબલ ઉપર બેસ બેની પચાસ પોંનોં ચાવજો
બેની પચાસ પોંનોં ચાવજો
સસરાએ કરેલી અરજી મારે નથી પરણવાની મરજી
પેપરમાં સપાવજો કાગળમાં લખાવજો

ટેબલ ઉપર બેસ બેની પચાસ પોંનોં ચાવજો
બેની પચાસ પોંનોં આવજો
સાસુએ કરેલી અરજી મારે નથી પરણવાની મરજી
પેપરમાં સપાવજો કાગળમાં લખાવજો

ટેબલ ઉપર બેસ બેની પચાસ પોંનોં ચાવજો
બેની પચાસ પોંનોં આવજો
જેઠુ કરેલી અરજી મારે નથી પરણવાની મરજી
પેપરમાં સપાવજો કાગળમાં લખાવજો

ટેબલ ઉપર બેસ બેની પચાસ પોંનોં ચાવજો
બેની પચાસ પોંનોં ચાવજો

૩૭

લાલ ટીકીટ પચ્ચીસ પૈસે મલે બરોડા
ચાલો ફતેહસિંહ પીચ્ચર જોવા લઈ જવ બરોડા
તમારી ટીકીટ અમાર પૈસે લઈશું બરોડા

લાલ ટીકીટ પચ્ચીસ પૈસે મલે બરોડા
ચાલો બક્કુલા પીચ્ચર જોવા લઈ જવ બરોડા
તમારી ટીકીટ અમાર પૈસે લઈશું બરોડા

લાલ ટીકીટ પચ્ચીસ પૈસે મલે બરોડા
ચાલો ફતેહસિંહ પીચ્ચર જોવા લઈ જવ બરોડા
તમારી ટીકીટ અમાર પૈસે લઈશું બરોડા

૩૮

બેની અડુલે દડુલે રમતેલા

બેની માતાને જોઈ જોઈ હસતેલા
બેની સાસુ ને જોઈ જોઈ રડતેલા બેની.....

બેની પિતાને જોઈ જોઈ હસતેલા
બેની સસરાને જોઈ જોઈ રડતેલા બેની.....

બેની વીરાને જોઈ જોઈ હસતેલા
બેની દિયરને જોઈ જોઈ રડતેલા બેની.....

બેની ભાભીને જોઈ જોઈ હસતેલા
બેની દેરાણીને જોઈ જોઈ રડતેલા બેની.....

૩૯

બેનીની સાસેરી ઘણી દૂર રે વાટે દિવસ ઉગશે
બેનને માતાનો ઘણો લાડ રે વાટે દિવસ ઉગશે

બેનીની સાસેરી ઘણી દૂર રે વાટે દિવસ ઉગશે
બેનને પિતાનો ઘણો લાડ રે વાટે દિવસ ઉગશે

બેનીની સાસેરી ઘણી દૂર રે વાટે દિવસ ઉગશે
બેનને વીરાનો ઘણો લાડ રે વાટે દિવસ ઉગશે

બેનીની સાસેરી ઘણી દૂર રે વાટે દિવસ ઉગશે
બેનને ભાભીને ઘણો હેત રે વાટે દિવસ ઉગશે

૪૦

ઉકરડો જગાડશેને પંખીડુ બોલશે
મારુ નાનુ પારેવડુ શુ બોલી બોલશે

માતાને રડાવશેને સાસુને હસાવસે
મારુ નાનુ પારેવડુ શુ બોલી બોલશે
ઉક રડો જગાડશેને...

પિતાને રડાવશે ને સાસરાને હસાવસે
મારુ નાનુ પારેવડુ શુ બોલી બોલશે
ઉકરડો જગાડશેને...

વીરાને રડાવશે ને જેઠને હસાવસે
મારુ નાનુ પારેવડુ શુ બોલી બોલશે
ઉકરડો જગાડશેને.....

ભાભીને રડાવશે ને જેઠાણીને હસાવસે
મારુ નાનુ પારેવડુ શુ બોલી બોલશે
ઉકરડો જગાડશેને....

૪૧

ટેબલ ઉપર લીંબુ લીંબાનો રસ લીલો
શોખીન બેની ટીકીટ પર મેરા નામ છે

પિતા નોકરી જશે ટીફીન જોઈને રડશે
શોખીન બેની ટીકીટ પર મેરા નામ છે

માતા રસોઈ રાંધશે સ્સોડુ દેખી રડશે
શોખીન બેની ટીકીટ પર મેરા નામ છે

બેની પાણી ભરશે પાણી દેખી રડશે
શોખીન બેની ટીકીટ પર મેરા નામ છે

વીરા કોલેજ જશે ચોપડા દેખી રડશે
શોખીન બેની ટીકીટ પર મેરા નામ છે

૪૨

પગમાં તોડોને પ્રાયમસ ધમધમે રે
પ્રાયમસ ધમધમે રે
બેનના માતા કરે રે વિચાર
સાસરે ગયેલી દિકરી નહી આવે રે
દિકરી નહી આવે રે
બેનના માતા કરે રે વિચાર

પગમાં તોડોને પ્રાયમસ ધમધમે રે
પ્રાયમસ ધમધમે રે
બેનના પિતા કરે રે વિચાર
સાસરે ગયેલી દિકરી નહી આવે રે
દિકરી નહી આવે રે
બેનના પિતા કરે રે વિચાર

૪૩

સાવ રે સોનાનો મારો ગુગરો ગુગરો રણકં તો જાય રે
રણકં તો રણકં તો રણે ચઢયો ભડક્યા કન્યાના બાપુ રે
ના ભડકે શ વેવઈ બાપડા હાથે ચોખાની ગુણો રે
સાવ રે સોનાનો મારો ગુગરો ગુગરો રણકં તો જાય રે
રણકં તો રણકં તો રણે ચઢયો ભડક્યા કન્યાના કાકા રે
ના ભડકે શ વેવઈ બાપડા હાથે ખોંડની ગુણો રે
સાવ રે સોનાનો મારો ગુગરો ગુગરો રણકં તો જાય રે
રણકં તો રણકં તો રણે ચઢયો ભડક્યા કન્યાના વીરા રે
ના ભડકે શ વેવઈ બાપડા હાથે દારોની ગુણો રે
સાવ રે સોનાનો મારો ગુગરો ગુગરો રણકં તો જાય રે

૪૪

ગુલાબનું ફૂલ બેની પોણીમાં ખીલશે
ચિંતા ના કરશો બેની સૂકાઈ જશે
ટિકિટ લઈલો બેની પિકચર જોવા
ચિંતા ના કરશો બેની સૂકાઈ જશે

ગુલાબનું ફૂલ બેની પોણીમાં ખીલશે
ચિંતા ના કરશો બેની સૂકાઈ જશે
રૂમાલ લઈલો બેની બજાર ફરવા
ચિંતા ના કરશો બેની સૂકાઈ જશે

૪૫

આડા અવરી ડુંગરા ની વચમાં છે દરિયો
બેની તમોન તેડવા કોયે નય આવે
વીરા છે એકલા ભાભી છે પારકો બેની
તમોન તેડવા કોયે નય આવે

આડા અવરી ડુંગરા ની વચમાં છે દરિયો
બેની તમાર આંણુલે કોયે નય આવે
કાકા છે એકલા કાકી છે પારકો બેની
તમોન તેડવા કોયે નય આવે

આડા અવરી ડુંગરા ની વચમાં છે દરિયો
બેની તમોન તેડવા કોયે નય આવે
ફૂવા છે એકલા ફોઈ છે પારકો બેની
તમોન તેડવા કોયે નય આવે

૪૬

ઓંબા કોયલ બેની ઓંબોમેં માલે
બાપુના લાડ બેની બજરો મેં માલે
સસરાના લાડ બેની છેતરો મેં માલે

ઓંબા કોયલ બેની ઓંબોમેં માલે
માતાના લાડ બેની હાલોલ મેં માલે
સાસુનો લાડ બેની રસોયો મેં માલે

ઓંબા કોયલ બેની ઓંબોમેં માલે
વીરાના લાડ બેની મુંબઈ મેં માલે
જેઠનો લાડ બેની કચરા મેં માલે

ઓંબા કોયલ બેની ઓંબોમેં માલે
ભાભીનો લાડ બેની સીટી મેં માલે
જેઠાણીના લાડ બેની વાસીદોમેં માલે

૪૭

ચેરોનો લોંબો ટૂંકો પોન માર વાલા રે
ચિયા ભઈને ઘેરે વેરો આયો માર વાલા રે
ગલુ ભઈને ઘેરે વેરો આયો માર વાલા રે
હુરે વેચીને વેરો ભરેશ માર વાલા રે
બકલીને વેચીને વેરો ભરેશ માર વાલા રે

ચેરોનો લોંબો ટૂંકો પોન માર વાલા રે
ચિયા ભઈને ઘેરે વેરો આયો માર વાલા રે
કાગડા ભઈને ઘેરે વેરો આયો માર વાલા રે
હુરે વેચીને વેરો ભરેશ માર વાલા રે
ઝમકુ વેચીને વેરો ભરેશ માર વાલા રે

૪૮

વાડીનો ડમરો
બેની ડમ્મર રોડે ચાલજો
ડમ્મર રોડે ચાલજો
હાહરો દરૂ ડિયો
બેની ધીમે રહીને બોલજો
ધીમે રહીને બોલજો

વાડીનો ડમરો
બેની ડમ્મર રોડે ચાલજો
ડમ્મર રોડે ચાલજો
હાહુ ફૂવેડ
બેની ધીમે રહીને બોલજો
ધીમે રહીને બોલજો

વાડીનો ડમરો
બેની ડમ્મર રોડે ચાલજો
ડમ્મર રોડે ચાલજો
જેઠ રખડેલો
બેની ધીમે રહીને બોલજો
ધીમે રહીને બોલજો

વાડીનો ડમરો
બેની ડમ્મર રોડે ચાલજો
ડમ્મર રોડે ચાલજો
જેઠાણી બરેલી
બેની ધીમે રહીને બોલજો
ધીમે રહીને બોલજો

૪૯

નોંની મોટી ઓંબલીનું પોન હો ભોણેજ આવે સે
મોમોની જોડ
મેડીઓ સડી સડી ભારે હો ભાણેજે આવે સે
મોમોની જોડ

નોંની મોટી ઓંબલીનું પોન હો ભોણેજ આવે સે
માસીઓની જોડ
મેડીઓ સડી સડી ભારે હો ભાણેજે આવે સે
માસીઓની જોડ

નોંની મોટી ઓંબલીનું પોન હો ભોણેજ આવે સે
મોમોની જોડ
મેડીઓ સડી સડી ભારે હો ભાણેજે આવે સે
મોમોની જોડ

નોંની મોટી ઓંબલીનું પોન હો ભોણેજ આવે સે
માસાઓની જોડ
મેડીઓ સડી સડી ભારે હો ભાણેજે આવે સે
માસાઓની જોડ

૫૦

શેરીએ કોહુમડીનો શોયો રે ગોરો બેની સોયલો નમી જેલો રે
નય આવે માતા ને પિતા ગોરો બેની
સોયતો નમી જેલો રે બેની

શેરીએ કોહુમડીનો શોયો રે ગોરો બેની સોયલો નમી જેલો રે
નય આવે કાકા ને કાકીઓ ગોરો બેની
સોયતો નમી જેલો રે બેની

શેરીએ કોહુમડીનો શોયો રે ગોરો બેની સોયલો નમી જેલો રે
નય આવે મામા ને મામીઓ ગોરો બેની
સોયતો નમી જેલો રે બેની

શેરીએ કોહુમડીનો શોયો રે ગોરો બેની સોયલો નમી જેલો રે
નય આવે ફુવા ને ફોયો ગોરો બેની
સોયતો નમી જેલો રે બેની

શેરીએ કોહુમડીનો શોયો રે ગોરો બેની સોયલો નમી જેલો રે
નય આવે માહા ને માસીઓ ગોરો બેની
સોયતો નમી જેલો રે બેની

૫૧

રોડે રોડે બાવરિયા રોચાવો ઝમુબેન
રોડે રોડે વીરાને મલી આવો ઝમુબેન
રોડે રોડે ટોકીજ બંધાવો ઝમુબેન
સાથે વીરા આવશે પીચ્ચર જોવા જોયશે ઝમુબેન
રોડે રોડે બાવરિયા રોપાવો ઝમુબેન
રોડે રોડે બેની ને મલી આવો ઝમુબેન
રોડે રોડે ફુવલિયા ખોદાવો ઝમુબેન
સાથે બેની આવશે પોણી પીવા જોયશે ઝમુબેન
રોડે રોડે બાવરિયા રોપાવો ઝમુબેન
રોડે રોડે સહિયરો ને મલી આવો ઝમુબેન
રોડે રોડે હોટલ બંધાવો ઝમુબેન
સાથે સહિયર આવશે નાસ્તો કરવા જોયશે ઝમુબેન

૫.૨

ઝાઝા જારો મે એકેલુઝારુ પયડુ રે પરદેશ
બૈરા માતા તમારા રુપૈયા રે કુવરી પયડી રે પરદેશ

ઝાઝા જારો મે એકેલુઝારુ પયડુ રે પરદેશ
બૈરા વીરા તમારી વીસી ચોપલો બેની પયડી રે પરદેશ

ઝાઝા જારો મે એકેલુઝારુ પયડુ રે પરદેશ
બૈરા બેની તમારી સારી વેડીઓ બેની પયડી રે પરદેશ

ઝાઝા જારો મે એકેલુઝારુ પયડુ રે પરદેશ
બૈરા બાપુ તમારા રુપૈયા કુવરી પયડી પરદેશ

૫.૩

બેની તારે ઓયડે નય આવીએ રે નય
બેહી એ રે સરોડો ઉડેરે રાખોડો ઉડે રે
બેની તારી ભાભી ઝાઝલી ફુવેડ રે ઝાઝલી ફુવેડ
બેની તારી ઝાઝલી ફુવેડ ને હાલોલ કુદાય રે કાલોલ બતાય

બેની તારે ઓયડે નય આવીએ રે નય
બેહી એ રે સરોડો ઉડેરે રાખોડો ઉડે રે
બેની તારી કાકી ઝાઝલી ફુવેચ રે ઝાઝલી ફુવેચ
બેની તારી ઝાઝલી ફુવેચ ને ડભોઈ કુદાય રે બરોડા બતાય

૫.૪

જોડું જોડું રે નદીની સાગર નદીની કિનારે બંગલા બહુ સારા રે
જોડું જોડું રે નદીની સાગર નદીની કિનારે બંગલા બહુ સારા રે
જોડું જોડું રે કિયા બેનનું જોડું રે નદીની સાગર
નદીની કિનારે બંગલા બહુ સારા રે

જોડું જોડું કાજલ બેનનું જોડું રે નદીની સાગર
નદીની કિનારે બંગલા બહુ સારા રે

જોડું જોડું રે નદીની સાગર નદીની કિનારે બંગલા બહુ સારા રે
જોડું જોડું રે નદીની સાગર નદીની કિનારે બંગલા બહુ સારા રે
જોડું જોડું રે કિયા વીરાનું જોડું રે નદીની સાગર
નદીની કિનારે બંગલા બહુ સારા રે
જોડું જોડું કનુ વીરાનું જોડું રે નદીની સાગર
નદીની કિનારે બંગલા બહુ સારા રે

સંકલન
નગીનભાઈ રાઠવા

૧

ભીતે દીવેલ્યું મેલે મારો બેની મેલે
મારો બેની અલબેલો સેમલીઘો રે
ભીતે દીવેલ્યું મેલેમારો બેની મેલે
મારો બેની અલબેલો સેમલીઘો રે

પીતા બોલાવે બોલો મારો બેની
બોલો મારો બેની અલબેલો સેમદીઘોરે
પીતા બોલાવે બોલોમારો બેની બોલો
મારો બેની અલબેલો સેમલીઘોરે

સસરા બોલાવે નથી બોલો બેની નથી બોલે
બેની અલબેલો સેમલીઘો રે
સસરા બોલાવે નથી બોલો બેની નથી બોલે
બેની અલબેલો સેમલીઘો રે

માતા બોલાવે બોલો મારો બેની બોલો મારા
બેની અલબેલો સેમલીઘો રે
માતા બોલાવે બોલો મારો બેની બોલો મારો
બેની અલબેલો સેમલીઘોરે

સાસુ બોલાવે નથી બોલે બેની નથી બોલે
બેની અલબેલો સેમલીઘો રે
સાસુ બોલાવે નથી બોલે બેની નથી બોલે
બેની અલબેલો સેમલીઘો રે

વીરા બોલાવે બોલોમારો બેની બોલો
મારોબેની અલબેલો સેમલીઘો રે
વીરા બોલાવે બોલોમારો બેની બોલો
મારોબેની અલબેલો સેમલીઘો રે

દીયેર બોલાવે નથી બોલેબેની નથી બોલે
બેની અલબેલો સેમલીઘોરે
દીયેર બોલાવે નથી બોલેબેની નથી બોલે
બેની અલબેલો સેમલીઘોરે

બેનો બોલાવે બોલોમારો બોની બોલો
મારોબેની અલબેલો સેમલીઘો રે
બેના બોલાવે બોલોમારે બોની બોલે
મારો બેની અલબેલો સેમલીઘો રે

નાણંદ બોલાવે નથી બોલેબેની નથી બોલે
બેની અલબેલો સેમલીઘોરે
નાણંદ બોલાવે નથી બોલેબેની નથી બોલે
બેની અલબેલો સેમલીઘોરે

ભીતે દીવેલ્યુ મેલે મારો બેની મેલે
મારો બેની અલબેલો સેમલીઘોરે

૨

ઝીલે ઝીલે ગોરોબેની નાવેલો કરોરે
બાપુની વાડીમાં નાવેલો કરોરે
ઝીલે ઝીલે ગોરોબેની નાવેલો કરોરે
બાપુ સીવડાવે બેનીને લાલે મોજડો રે
બાપુ સીવડાવે બેનીને લાલે મોજેડોરે
સોના કુડીયે નાયરે ગોરોબેની
સોના કુડીયે નાયરે ગોરોબેની
કુભારોને ઠોબરે નાયરે રોજ્નેનો સોરો
કુભારોને ઠોબરે નાયરે રોજ્નેનો સોરો
થોડુ પાણી ઢોરોબેની સોડ નમી જાય રે

થોડુ પાણી ઢોરોબેની સોડ નમી જાય રે
મેથલીનો સોડ બેની સોડ નમી જાય રે
મેથલીનો સોડ બેની સોડ નમી જાય રે
તાજે રે તાજે ગોરો બેની વાવડીયોનું પાણી રે
તાજે રે તાજે ગોરો બેની વાવડીયોનું પાણી રે
તમારે રે બાપે વાવડી ગોળેલી વાવડીઓનું પાણી રે
તમારે રે બાપે વાવડી ગોળેલી વાવડીઓનું પાણી રે
તાજેરે તાજે રોજેના ઘોરા ડાબરીઓનું પાણી રે
તાજેરે તાજે રોજેના ઘોરા ડાબરીઓનું પાણી રે
તારે બાપે ડાબરું ડોયેલુ ડાબરીઓનું પાણી રે
નાચ કરીને ઉઠજે દનડો ચડીયોરે બપોરે
નાચ કરીને ઉઠજે દનડો ચડીયોરે બપોરે
દીલી બેઠી ટીમરવે હળવર બેઠઓરે જુવે
દીલી બેઠી ટીમરવે હળવર બેઠઓરે જુવે
ઓલી ગવરી રે ઘાગરોના ઘોવેસ તને લાગ છે રે ઘાઘરીયો ભુંત

૩

એલો તેલો ચડસે રે ધરતી માતાને
એલો તેલો ચડસે રે ધરતી માતાને

કરસી તેલો ચડસે રે ધરતી માતાને
કરસી તેલો ચડસેરે ધરતી માતાને

એલો તેલો ચડસેરે હમાર કમતીબેને
એલો તેલો ચડસેરે હમાર કમતીબેને

વેવોની ગરમમેલી તેલેડો લાવ્યો
વેવોની ગરમમેલી તેલોરે લાવ્યો

બેનીને માથે તેલોની કુડી
ઘોરાને માથે લાકડોનો ભારો

૪

સેડો ઘાલસે રે લગોટીવારો
સેડો ઘાલસે રે લગોટીવારો

દરીયું ઘાલસે રે પોતળીવારો
દરીયું ઘાલસે રે પોતળીવારો

ઘોત ભરસે રે લગોટીવારો
ઘોત ભરસે રે લગોટીવારો

સમેલું ઘાલસેરે મંગુડીલુડી
સમેલું ઘાલસેરે મંગુડીલુડી

સમેલું ઘાલસેરે જાનકી લુડી
સમેલું ઘાલસેરે જાનકી લુડી

બેનીને સેના સેના ઘોન ભરાવો
બેનીને સેના સેના ઘોન ભરાવો

બેનીને ગમેળીના ઘોત ભરાવો
બેનીને ગમેળીના ઘોત ભરાવો

રતનીયો સેરેટીયો ને રેવલી વારનીય
રતનીયો સેરેટીયો ને રેવલી વારનીય

મોહનીયો સેરેટીયોને મંગુડી વારનીય
મોહનીયો સેરેટીયોને મંગુડી વારનીય

રોડે રોડે મેલો લુંડોનો પલકો
રોડે રોડે મેલો લુંડોનો પલકો

લુંડો રેવાની પેલા મોહનીયાનો પલકો
લુંડો રેવાની પેલા મોહનીયાનો પલકો
બેની તારો લુડો લુડીયો સંભાળ અમે ઘેર જઈ છે

૫

ગોર વેચનાર કયોલા ગાડીયા ઘોરેને ઘેતર્યાં રે
ગોર વેચનાર કયોલા ગાડીયા ઘોરેને ઘેતર્યાં રે

ડાયા ડાયા હમજી જેલા ઘોરોને ઘેતર્યો રે
ડાયા ડાયા હમજી જેલા ઘોરોને ઘેતર્યો રે

ગોર ખુટીયો ઢગરા ઠોયકા ઘોરોને ઘેતર્યો રે
ગોર ખુટીયો ઢગરા ઠોયકા ઘોરોને ઘેતર્યો રે

કારી ભોયનુ ઢેકુલા નારણીયા લેતારો ગોરો જાતારે ઘેર
કારી ભોયનુ ઢેકુલા નારણીયા લેતારો ગોરો જાતારે ઘેર

તારી રેવલી ખાલજેલા નારણીયા લેતારો ગોરા જાતારે ઘેર
તારી રેવલી ખાલજેલા નારણીયા લેતારો ગોરા જાતારે ઘેર

ઘેર જીને ઉકારો મેલજેલા નારણીયા લેતારો ગોર જાતોર ઘેર
તારી રેવલીને પાવજેલા નારાણીયા લેતારો ગોર જાતારે ઘેર

તારી રેવલીને પાવજેલા નારણીયા લેતારો ગોર જાતારે ઘેર
ગોર વેચનાર કયોલા ગાડીયા છોરોને ઘેતર્યો રે

૬

બેની તારો ઓટલો નીયપાવનોરે થાયબાબનો
બેની તારો ઓટલો નીયપાવનોરે થાયબાબનો

બેની તારે ઓટલે નય આવું રે નય બેસું

બેની તારી ભાભી ઝજલી કુવોરે ઝજલી કોધી
બેની તારી ભાભી ઝજલી કુવોરે ઝજલી કોધી

બેની તારી ભાભી ને કાઢી મેલ રે દોડી મેલ
બેની તારી ભાભી ને કાઢી મેલ રે દોડી મેલ

બેની તારી ભાભી ને કોતરું વટાવ રે તેજગઢ બતાવ
બેની તારી ભાભી ને કોતરું વટાવ રે તેજગઢ બતાવ

વાતોની ડાઈ રે રેવલી વાતે વરાવેરે
વાતોની ડાઈ રે રેવલી વાતે વરાવેરે

ખેતીમાં ચારે રેવલી ઘોટે ન આઈલી
ખેતીમાં ચારે રેવલી ઘોટે ન આઈલી

વાતોનો ડાયોરે નારણીયા વાતે વરાવે
વાતોનો ડાયોરે નારણીયા વાતે વરાવે

ગજવામાં બીડી નારણીયો એકે ન આયલી
લાડી તારો લુડોને લુડીયો સંભાળીલે અમે ઘેર જીયે રે

૭

સીબોડી માતારે સુતેલો રે જાગો
સીબોડી માતારે સુતેલો રે જાગો
સીબોડીને ઓજને મારો બેની ઉભો
મારો બેની કેવું નાતાના રે

સીબોડીને ઓજ ને મારો બેની ઉભો
મારો બેની કેવું નાતાના રે
સીબોડીને આંગને નાળીયર ઉભુ
નાળીયર કેવું નાતાના રે

સીબોડીને ઓજને નાળીયર ઉભુ
નાળીયર કેવું નાતાના રે
૩ પીયો મેલી ને બેની વાઘીલીજો બેની વાઘી લીજો
૩ પીયો મેલીને વાઘી લેજો બેની વાઘી લીજો

પુજારુતો ગાડુ કે વાય બેની ભોલુકે વાય
પુજારુતો ગાડુ કે વાય બેની ભોલુકે વાય
ચડીજા ગોરોબેની તને ઘોડીલે રમાડે
ચડીજા ગોરોબેની તને ઘોડીલે રમાડે

ચડીજા સીનાર ઘોરા તને ગધેડે બેસાડે
ચડીજા સીનાર ઘોરા તને ગધેડે બેસાડે
બેની ઘોડીલે બેસબેની મોગરો રે
બેની ઘોડીલે બેસબેની મોગરા રે

ફુલો કરમાય બેની મોગરો રે
ફુલો કરમાય બેની મોગરો રે
ફુલો નથી ખેતો રેવાબેના બેની રે
ફુલો નથી ખેતી રેવાબેના બેની રે

હથેરીમાં લઈને બેની ફુલડો વધાવેરે
ખોળામાં લઈને ઘોરો કીકરો વધાવેરે

૮

માળી સામો વધામનો લાવે સે
માળી સામો વધામનો લાવે સે
માળી કુંકુ રેતી લાવે રે
માળી સામો વધામનો લાવે સે

માળી લીડીયોને ભીડીયો લાવે
માળી લીડીયોને ભીડીયો લાવે
માળી ઢોકલીને ઢુબની લાવે
માળી ઢોકલીને ઢુબની લાવે

૯

ડુંગર કારો ડુંગર લીલો સમરે બેની
બેની બાપું વીસારતા ઘણું ખોટું લાગે
બેની બાપું વીસારતા ઘણું ખોટુ લાગે

બેની માતાવીસારતા ઘણું ખોટું લાગે
બેની માતાવીસારતા ઘણું ખોટું લાગે

ડુંગર કારો ડુંગર લીલો સમરે ગોરો બેની
બેની વીરા વીસારતા ઘણું ખોટું લાગે

બેની ભાભીઓ વીસારતા ઘણું ખોટું લાગે
ડુંગર કારો ડુંગર લીલો સમરે ગોરો બેની

બેની કાકા વીસારતા ઘણું ખોટું લાગે
બેની કાકીઓ વીસારતા ઘણું ખોટું લાગે

ડુંગર કારો ડુંગર લીલો સમરે ગોરો બેની
બેની બેનો વીસારતા ઘણું ખોટું લાગે
બેની બેનો વીસારતા ઘણું ખોટું લાગે

૧૦

ખોબલા કોયલબેની ખોબલામાં બોલે
આવ્વલા કોયલબેની ખોબલામાં બોલે
બાપુના લાળ બેની બજરો મલે
ખોબલા કોયલબેની ખોબલામાં બોલે
સસરાનો મેનો બેની ખેતરોમાં બોલે
માળીના લાળ બેની ખેતરોમાં મલે
સાસુના મેનો બેની વાસીરોમાં મલે
ખોબલા કોયલબેની ખોબલામાં બોલે

વીરાના લાળબેની હરદાસપુરમાં મળે
જેઠુના મેનો બેની ખેતરોમાં મલે
ઓબલા કોયલબેની ખોબલામાં બોલે

૧૧

લીમડા નો ઠંડો પવન જોઈ રૂ માલ મારો ગુમતો જાઈ

પીતા જોડે હસ્તો દિવસ જાઈ રૂ માલ મારો ગુમતો જાઈ
સસરા જોડે રડતો દિવસ જાઈ રૂ માલ મારો ગુમતો જાઈ

માતા જોડે હસ્તો દિવસ જાઈ રૂ માલ મારો ગુમતો જાઈ
સાસુ જોડે રડતો દિવસ જાઈ રૂ માલ મારો ગુમતો જાઈ

બીરા જોડે હસ્તો દિવસ જાઈ રૂ માલ મારો ગુમતો જાઈ
સારા જોડે રડતો દિવસ જાઈ રૂ માલ મારો ગુમતો જાઈ

બેનો જોડે હસ્તો દિવસ જાઈ રૂ માલ મારો ગુમતો જાઈ
સારીયો જોડે રડતો દિવસ જાઈ રૂ માલ મારો ગુમતો જાઈ

૧૨

બેનીનો માડ્યો ઘુઘીયારો ગુલાબ ઝેપલવારો રે
બેનીનો માડ્યો ઘુઘીયારો ગુલાબ ઝેપલવારો રે

બેનીને માડ્યો સવાબેનો આવે રેવલી કીદીયન ની આવે
બેનીને માડવે સવાવીરા આવે નારણીયો ક્રીદીયો ની આવે

બેનીનો માડ્યો ઘુઘીયારો ગુલાબ ઝેપલવારો રે
બેનીને માડવે સવા સેયો આવે કમલી ક્રોદીયને નય આવે

બેનીને માડવે સવા રુવા આવે મનસુખ ક્રોદીયો નય આવે
બેનીનો માડ્યો ઘુઘીયારો ગુલાબ ઝેપલવારો રે

બેનીને માડવે સવામાસીયો આવે ગવરી ક્રોદીય નય આવે
બેનીને માડવે સવામાસા આવે રમન ક્રોદીયો નય આવે

બેનીને માડવે સવામામા આવે મોહન ક્રોદીય નય આવે
બેનીને માડવે સવામામીઓ આવે તપ આવે લક્ષ્મીક્રોદીયનો રે

બેનીનો માડ્યો ઘુઘીયારો ગુલાબ ઝેપલવારો રે

૧૩

જતોને વરતો બેની વરતે સોમે બેસજો
જતોને વરતો બેની વરતે સોમે બેસજો

બેઠાને બેઠોબેની બાપુ ને વિચારજો
બેઠાને બેઠોબેની બાપુ ને વિચારજો

જતોને વરતો બેની બાપુ ને વિચારજો
બેઠાને બેઠોબેની વીરા ને વિચારજો

બેઠાને બેઠોબેની વીરા ને વિચારજો
જતોને વરતો બેની વરતે સોપે બેસજો

બેઠાને બેઠોબેની બેનો ને વિચારજો
બેઠાને બેઠોબેની કાકા ને વિચારજો

જતોને વરતો બેની વરતે સોપે બેસજો
બેઠાને બેઠોબેની કાકીઓ ને વિચારજો

જતોને વરતો બેની વરતે સોપે બેસજો
બેઠાને બેઠોબેની ફોયો ને વિચારજો

બેઠાને બેઠોબેની ફોયો ને વિચારજો
બેઠાને બેઠોબેની ફુવા ને વિચારજો

જતોને વરતો બેની વરતે સોપે બેસજો
બેઠાને બેઠોબેની માબીયો ને વિચારજો

બેઠાને બેઠોબેની માબો ને વિચારજો
જતોને વરતો બેની વરતે સોપે બેસજો

૧૪

બાગુમાં જય શું ફુલડોં કરમાશે ઉનાળામાં તડકો લાગશે હો વીરા
તમલી સાથે કયા વિરાને લેસો રૂમાલોનો સાયડો કરશે હો વીરા

બાગુમાં જય શું ફુલડોં કરમાશે ઉનાળામાં તડકો લાગશે હો વીરા
તમારી સાથે ભીવર્સીંગવીરાને લેસો રૂમાલોનો સાયડો કરશે હો વીરા

બાગુમાં જય શું ફુલડોં કરમાશે ઉનાળામાં તડકો લાગશે હો વીરા
તમારી સાથે કઈ બોનોને લેશો શાળીઓનો સાયડો કરશે હો વીરા

બાગુમાં જય શું ફુલડોં કરમાશે ઉનાળામાં તડકો લાગશે હો વીરા
તમારી સાથે બજીબેને લેશો શાળીઓનો સાયડો કરશે હો વીરા

બાગુમાં જય શું ફુલડોં કરમાશે ઉનાળામાં તડકો લાગશે હો વીરા
તમારી સાથે કયા ભાઈ બંધને લેશો ઉનાળાનો સાયડો કરશો હો વીરા

બાગુમાં જય શું ફુલડોં કરમાશે ઉનાળામાં તડકો લાગશે હો વીરા

૧૫

ઉંચા ઉંચા બંગલા બરોડાની બાગમાં ફરતા તમણે જોયા રે નર્મદાબેન
બાપુ કહેવાય પણ સસરાના કહેવાય કે તા શરમ આવેરે નર્મદાબેન

ઉંચા ઉંચા બંગલા બરોડાની બાગમાં ફરતા તમણે જોયા રે નર્મદાબેન
માતા કહેવાય પણ સાસુના કહેવાય કે તા શરમ આવેરે નર્મદાબેન

ઉંચા ઉંચા બંગલા બરોડાની બાગમાં ફરતા તમણે જોયા રે નર્મદાબેન
વીરા કહેવાય પણ દીયર ન કહેવાય કે તા શરમ આવેરે નર્મદાબેન

ઉંચા ઉંચા બંગલા બરોડાની બાગમાં ફરતા તમણે જોયા રે નર્મદાબેન
બેનો કહેવાય પણ નણદોના કહેવાય કેતા શરમ આવેરે

ઉંચા ઉંચા બંગલા બરોડાની બાગમાં ફરતા તમણે જોયા રે નર્મદાબેન